# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 26-04-2025** **Evening : 7.10 to 7.20 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભૂંડીયા** વાંચે છે.

---

1) **ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને બે દિવસમાં આત્મસમર્પણ કરવા ચેતવણી આપી.**

2) **રાજ્યમાં યોજાયેલા વિવિધ રોજગાર મેળામાં કેન્દ્રીય મંત્રીઓની ઉપસ્થિતિમાં એક હજારથી વધુ યુવાનોને નિમણૂકપત્રો અપાયાં.**

3) **રાજ્ય પોલીસે 'શસ્ત્ર' પ્રોજેક્ટ અંતર્ગત સવા બે મહિનામાં પાંચ હજાર 529 ગુના નોંધ્યા.**

4) **જળશક્તિ મંત્રાલય દ્વારા છોટાઉદેપુરનાં સરપંચ ડૉક્ટર બીનાબેન રાઠવાને બેસ્ટ લર્નરનો પુરસ્કાર એનાયત કરાયો.**

5) **રાજ્યમાં બે દિવસ બાદ ગરમીનો પારો વધે તેવી આગાહી.**

-----------------------------------------------------------------------------------

સમાચારને અંતે

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# POLICE MAHA-ABHIYAN

ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યમાં ગેરકાયદે રહેતા બાંગ્લાદેશીઓને બે દિવસમાં આત્મ-સમર્પણ કરવા ચેતવણી આપી છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્ય પોલીસ દ્વારા હાથ ધરાયેલા મહાઅભિયાન હેઠળ વિવિધ સંસ્થાઓ સાથે કરાયેલા સંયુક્ત ઓપરેશનમાં એક જ રાત્રિમાં; અમદાવાદ પોલીસે અંદાજે 890 અને સુરત પોલીસે 134 જેટલા ગેરકાયદે બાંગ્લાદેશીઓને પકડ્યા છે.

સુરત પોલીસ કમિશનર કચેરી ખાતેથી ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે તમામ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે વીડિયો કૉન્ફરન્સ યોજી; અને બાંગ્લાદેશીઓની પ્રવૃત્તિઓની ઝીણવટપૂર્વક તપાસ કરી કડક કાર્યવાહીના નિર્દેશ પણ આપ્યા છે.

**(BYTE: HARSH SANGHAVI, MINISTER OF STATE HOME)**

બીજી તરફ આજે અમદાવાદ પોલીસ કમિશનર કચેરી ખાતેથી રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે પત્રકાર પરિષદમાં જણાવ્યું, બનાવટી દસ્તાવેજો બનાવનારા બંગાળના ગુનાહિત નેટવર્કની તપાસ ચાલુ છે. પકડાયેલા બાંગ્લાદેશીઓને કાનૂની પ્રક્રિયા પૂર્ણ કરી તેમના મૂળ દેશ બાંગ્લાદેશ પરત મોકલવામાં આવશે.

**(BYTE: VIKAS SAHAY, DGP, GUJARAT)**

# ROJGAR MELO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે રોજગાર મેળામાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વિવિધ સરકારી વિભાગોમાં 51 હજારથી વધુ નવનિયુક્ત યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ કર્યું. દરમિયાન વડોદરામાં કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉક્ટર મનસુખ માંડવિયાની ઉપસ્થિતિમાં 764 અને સુરતમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં 200થી વધુ યુવાનોને નિમણૂકપત્ર અપાયા.

આ ઉપરાંત અમદાવાદના દિનેશ હૉલ ખાતે કેન્દ્રીય રાજ્યમંત્રી નિમુબેન બાંભણિયાની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં આવકવેરા વિભાગમાં નિમણૂક પામેલા 296 યુવાનોને નિમણૂકપત્ર અપાયા. સુશ્રી બાંભણિયાએ તમામને શુભેચ્છાઓ પાઠવી અને કહ્યું, રોજગારનું સર્જન કરવાની પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સંકલ્પનાને સાકાર કરવાની દિશામાં આ મહત્વનું પગલું છે.

**(BYTE: NIMUBEN BAMBHANIYA, MINISTER OF STATE)**

# JK HUMLO VIRODH

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકી હુમલાના વિરોધમાં રાજ્યભરમાં વિરોધ દર્શાવવામાં આવી રહ્યો છે. ખેડા જિલ્લાના કપડવંજ શહેરમાં આજે નાગરીકોએ સ્વેચ્છાએ બજાર બંધ રાખીને વિરોધ દર્શાવ્યો.

ઉત્તર ગુજરાતમાં, સાબરકાંઠા જિલ્લા ભારત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા આંતકવાદ વિરોધી કાર્યક્રમ યોજાયો. જેમાં આતંકવાદ વિરોધી સૂત્રોચ્ચાર સાથે મૃતકોને મૌન પાળીને શ્રધ્ધાંજલિ આપવામાં આવી. અરવલ્લીના મોડાસા, મેઘરજ, બાયડ, માલપુર, સહીત વિવિધ વિસ્તારમાં બજારો સજ્જડ બંધ રાખી આતંકવાદી હુમલાનો વિરોધ કરાયો હતો.

તો દેવભૂમિ દ્વારકા શારદાપીઠના જગતગુરુ શંકરાચાર્ય સદાનંદ સરસ્વતી મહારાજે આ હુમલાને વખોડ્યો હતો, અને એક થઈને આતંકવાદનો સામનો કરવા હાકલ કરી હતી.

# POLICE SHASHTRA PROJECT

રાજ્ય પોલીસે શરીર સંબંધી ગુનાઓ પર અંકુશ લાવવા શરૂ કરેલ પ્રોજેક્ટ અંતર્ગત સવા બે મહિનામાં પાંચ હજાર 529 ગુના નોંધ્યા છે. સત્તાવાર યાદી મુજબ, ગત 16 ફેબ્રુઆરીથી શરૂ કરાયેલા આ પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટના 33 અસરગ્રસ્ત પોલીસમથક વિસ્તારમાં 'ઇવનિંગ પોલિસિંગ' પર વિશેષ ભાર મુકાયો છે. 24 એપ્રિલ સુધી સાંજે છ વાગ્યાથી 12 વાગ્યાના સમયગાળામાં રાજ્ય પોલીસે સૌથી વધુ ગુના દાખલ કર્યા છે.

ગુજરાત પોલીસે ઈ-ગુજકોપ ડેટાના વિશ્લેષણ દ્વારા ચાર મહાનગરોમાં શરીર સંબંધી ગુનાઓના હોટસ્પોટ ચિહ્નિત કર્યા હતા. આ વિશ્લેષણમાં જાણવા મળ્યું, રાજ્યમાં બનતા શરીર સંબંધી ગુનાઓમાંથી 25 ટકા ગુનાઓ આ ચાર મહાનગરોમાં અને તેમાંથી 45 ટકા ગુનાઓ સાંજે 6થી રાત્રે 12 વાગ્યાના સમયગાળામાં બન્યા છે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# SURAT DEVELOPMENT WORK

પાણી પૂરવઠા રાજ્યમંત્રી મુકેશ પટેલે આજે સુરતમાં ચાર કરોડ 17 લાખ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું. ચોર્યાસી તાલુકાના વિવિધ ગામમાં થયેલા આ કામથી જુનાગામ, સુવાલી અને રાજગરી ગામના પાંચ તળાવ મીઠાં પાણીથી છલકાશે. તેનો સીધો લાભ ત્રણેય ગામના આઠ હજાર 143 જેટલા લોકોને મળશે.

આ પ્રસંગે પાણી પૂરવઠા રાજ્યમંત્રી મુકેશ પટેલે જણાવ્યું, દરિયાકાંઠાના ખારાપાટ વિસ્તારમાં તળાવોમાંથી પશુપાલન અને ખેતીમાં સિંચાઈ માટે પાણીનો ઉપયોગ કરી શકાશે. હવે આગામી સમયમાં ઓલપાડ અને ચોર્યાસી તાલુકાના 22 ગામને પાઈપલાઈનથી પીવાનું પાણી મળશે. દરમિયાન શ્રી પટેલે હજીરાથી ભાટગામ સુધીના દરિયાઈ રાજમાર્ગ માટે 356 કરોડ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી મળી હોવાનું પણ ઉમેર્યું હતું.

# KAILAS MANSAROVAR YATRA

વિદેશ મંત્રાલય દ્વારા આ વર્ષે જૂનથી ઑગસ્ટ દરમિયાન કૈલાસ માનસરોવર યાત્રા યોજાશે. વિદેશ મંત્રાલયે જણાવ્યું, આ વર્ષે 50 યાત્રિકોના પાંચ જૂથ ઉત્તરાખંડના લિપુલેખ અને 50 યાત્રિકોનું 10 જૂથ સિક્કિમના નાથુલા પાસ પરથી પસાર થશે. આ યાત્રાની અરજીઓ સ્વીકારવા માટે વેબસાઈટ KMY.GOV.IN શરૂ કરવામાં આવી છે.

મંત્રાલયે જણાવ્યું, યાત્રીઓની પસંદગી સંપૂર્ણપણે કમ્પ્યૂટર આધારિત પ્રક્રિયા દ્વારા કરાશે. તેથી અરજદારોને માહિતી મેળવવા પત્ર કે ફેક્સ મોકલવાની જરૂર નહીં રહે.

# CHHOTAUDEPUR AWARD

જળશક્તિ મંત્રાલય દ્વારા છોટાઉદેપુરનાં ડુંગરવાંટ જૂથ ગ્રામ પંચાયતનાં સરપંચ ડૉક્ટર બીનાબેન રાઠવાને બેસ્ટ લર્નરનો પુરસ્કાર એનાયત કરાયો છે. નવી દિલ્હી ખાતે કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટીલની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય પંચાયતીરાજ દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં સુશ્રી રાઠવાને આ પુરસ્કાર અપાયો.

કાર્યક્રમમાં અલગ અલગ ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરનારાં સરપંચોને વિવિધ પુરસ્કારથી સન્માનિત કરાયા, જેમાંથી ચાર પુરસ્કાર ગુજરાતને મળ્યા છે. આ અંગે સરપંચ ડૉક્ટર બીના રાઠવાએ પ્રતિક્રિયા આપી.

(BYTE- DR. BINA RATHVA, SARPANCH)

# REV HAVAMAN

રાજ્યમાં આગામી બે દિવસ બાદ મહત્તમ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની શક્યતા છે. સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યના કેટલાક ભાગમાં આગામી સાત દિવસ મહત્તમ તાપમાન 40થી 44 ડિગ્રી સેલ્સિયસની વચ્ચે રહી શકે છે તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું.

**(BYTE: RAMASHRAY YADAV, SCIENTIST, GUJARAT IMD)**

# AMTS BUS

અમદાવાદ મહાનગરપાલિકા પરિવહન સેવા- A.M.T.S. બસમાં મુસાફરી કરતાં લોકો હવે કોઈ પણ ફરિયાદ 8511 171941 અને 85111 65179 બે વ્હોટ્સએપ નંબર પર કરી શકશે. ડ્રાઈવર દ્વારા વધુ ગતિમાં બસ ચલાવવી, બસમથક પર બસ ઉભી નરાખવી, મુસાફરો સાથે ગેરવર્તણૂક, ગંદકી, અવ્યવસ્થા તેમજ અન્ય ફરિયાદ અંગેનો ફોટો અનેવીડિયો આ નંબર પર મોકલી શકશે. તંત્ર દ્વારા આ ફરિયાદના આધારે જવાબદાર લોકો સામે કાર્યવાહીકરવામાં આવશે તેમ A.M.T.S.સમિતિના અધ્યક્ષ ધરમસિંહ દેસાઈએ જણાવ્યું હતું..

# KHEL MAHAKUMBH

ખેલ મહાકુંભ અંતર્ગત આજે ડાંગના ગિરિમથક સાપુતારા ખાતે બહેનો માટેની રાજ્યકક્ષાની હોકી સ્પર્ધાનો પ્રારંભ થયો છે. ડાંગ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સાપુતારા સ્પોર્ટ્સ સંકુલ ખાતે યોજાયેલી આ સ્પર્ધામાં 14 અને 17 વર્ષથી ઓછી વયજૂથની બહેનોએ ભાગ લીધો હતો.

(બાઈટ-ડાંગ જીલ્લા રમત વિકાસ અધિકારી - અલ્કેશ પટેલ)

બીજી તરફ, ખેલ મહાકુંભ અંતર્ગત, નડિયાદમાં યોજાયેલી રાજ્યકક્ષાની 800 મીટર દોડ સ્પર્ધામાં ભાવનગરની નંદકુંવરબા મહિલા કોલેજનાં વિદ્યાર્થિની બાવળિયા જાનકી ભરતભાઇએ સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. તો નવસારીના ચીખલી તાલુકાની સરવાણી હાઈસ્કૂલમાં ધોરણ 12માં ભણતા વિદ્યાર્થી પાર્થ પટેલે પણ નડિયાદમાં યોજાયેલી રાજ્યકક્ષાની એથ્લેટિક સ્પર્ધામાં 800 મીટર દોડમાં રાજ્યમાં પ્રથમ નંબર મેળવ્યો હતો.

# PM-MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે સવારે 11 વાગે આકાશવાણી પરથી પ્રસારિત થનારા 'મન કી બાત' કાર્યક્રમમાં વિવિધ વિષય ઉપર પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિયો કાર્યક્રમની આ 121મી કડી હશે. હિન્દીમાં 'મન કી બાત' કાર્યક્રમનાં પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.

આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન A.I.R મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પ્રધાનમંત્રી કાર્યાલય-PMO તેમજ માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.

આ ઉપરાંત આવતીકાલે રાત્રે આઠ વાગે રાજ્યના તમામ આકાશવાણી કેન્દ્ર પરથી 'મન કી બાત' કાર્યક્રમના ગુજરાતી ભાવાનુવાદનું પુનઃ પ્રસારણ કરાશે.